| | |
|---|---|
| રજુ તારીખ | ૦૫/૦૫/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૦૫/૦૫/૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૧૮/૦૪/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ :**૦૬** માસ:**૧૧** દિન:**૧૩** |

# મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસર
# શ્રી એન.આર.વઘવાણી સાહેબ સમક્ષ.

**રેફરન્સ કેસનં. ૩૬૪/૨૦૧૮**
**આંક–૦૮**

**અરજદાર :** **કાળાભાઈ ગોવાભાઈ**
**બીજા પક્ષકાર** કેર ઓફ–ગુજરાત લેબર ફોર્સ યુનીયન
હે. ૬૭, મંગલપ્રભાત સોસાયટી,
સરસપુર, અમદાવાદ.

**: વિ રૂ દ્ધ :**

**સામાવાળાઓ :** **(૧) જય અંબે ટેક્ષટાઈલ**
**પ્રથમ પક્ષકારો** હે. અમર એસ્ટેટ, સારંગપુર મીલનં.ર ની સામે,
અમરાઈવાડી, અમદાવાદ.
**(૨) સરવૈયા એક્ષ્પોર્ટ લી.**
હે. સરવૈયા હાઉસ, વ્હાઈટ હાઉસ સામે,
પંચવટી પાંચ રસ્તા, એલીસબ્રીજ, અમદાવાદ.
**(૩) હરીશભાઈ ધનજીભાઈ લખોટીયા**
હે. સ્નેહકુંજ ફલેટ, પુપ્પકુંજ સોસાયટી પાસે,
કાંકરીયા, અમદાવાદ.
**(૪) અશ્વિનસિંહ હરેન્દ્રસિંહ સરવૈયા**
હે. ૨૭, ભાવના સોસાયટી, ગીતામંદીર રોડ,
ભુલાભાઈ પાર્ક, અમદાવાદ.
**(૫) નિતેશ બી. પટેલ (માલીક અને પાર્ટનર)**
હે. અમર એસ્ટેટ, સારંગપુર મીલનં.ર ની સામે,
અમરાઈવાડી, અમદાવાદ.

## વિષય: ઔધોગિક વિવાદની કલમ–૧૦(૧) (સી) મુજબની અરજી

**<u>હાજર રહયા</u>:–** અરજદાર તરફે : વિ.વ.શ્રી પી.એમ.સોલંકી
સામાવાળાઓનં.૨, ૩ અને ૪ તરફે : જાતે/પોતે
બાકીના સામાવાળાઓ તરફે : કોઈ નહી

## –:: <u>ચુકા દો</u> ::–

**(૧) રેફરન્સની ટુંકી હકીકત**

અરજદારને નોકરીમાંથી કાઢી મુકતા, અરજદારે પ્રથમ શ્રમઆયુકતની કચેરીમાં પડતર દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવા માટેની અરજી કરેલ, જયા સમાધાન ન થતા, વિવાદ અત્રેની કોર્ટમાં રીફર કરવામા આવેલ છે. જે હાલના રેફરન્સ તરીકે દાખલ થયેલ છે. અરજદારે આંક–૦૨ થી પોતાના માંગણાનુ નિવેદન રજુ કરેલ છે, જે વંચાણે લીધેલ છે.

**(૨) સામાવાળાઓનો જવાબ**

રેફરન્સ દાખલ થતા, સામાવાળાઓને નોટીસ કરવામાં આવેલ, જે પૈકી સામાવાળાનં.૨ નાએ આંક–૦૫ સામાવાળાનં.૩ નાએ આંક–૦૬ થી અને સામાવાળાનં.૪ નાએ આંક–૦૭ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે. બાકીના સામાવાળાઓનો જવાબો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૩) પુરાવાઓ**

અરજદારપક્ષ તરફથી આંક–૦૪ થી અરજી આપવામા આવેલ હતી કે, અરજદાર મરણ ગયેલ છે જેથી પક્ષકાર તરીકે વારસદારનુ નામ દાખલ કરવા વિનંતી છે, જે અરજી મંજુર કરવા છતા ઘણા સમય સુધી વારસો જોડવાની કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી અને અરજદારપક્ષ તરફથી કોઈ પુરાવાઓ રજુ કરવામા આવેલ નથી, જેથી અરજદારપક્ષનો પુરાવાઓ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સામાવાળાઓ તરફે કોઈ હાજર ન થતા, તેમનો પુરાવાઓ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૪) દલીલો**

બંને પક્ષો તરફથી દલીલો માટે કોઈ હાજર ન થતા, બંને પક્ષ તરફની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫) વિવાદના ન્યાયીક નિકાલ માટેના મુદ્દાઓ**

(૧) શું અરજદાર તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

**(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭) ઉપરોકત નિર્ણયો પરત્વેના કારણો**

અરજદારપક્ષે પોતાના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતો સાબીત કરવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. મુળ અરજદાર ગુજરી જતા, અરજદારપક્ષે વારસો જોડવાની અરજી તળેના હુકમ બાદ પણ અરજદારપક્ષે કોઈ કાર્યવાહી કરેલ નથી કે પોતાના માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. અરજદાર કે તેમના વારસો કે તેમના પ્રતિનિધિ નિયમિત રીતે હાજર રહેતા નથી. અરજદારપક્ષ તરફથી કોઈ મુદત રીપોર્ટ પણ આપવામા આવેલ નથી. પોતાનો હકક ખોલાવી કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. જેથી અરજદારના માંગણાના નિવેદનની કોઈ હકીકત સાબીત થતી નથી. અરજદારપક્ષ તરફે પુરાવા રજુ થાય તે માટે તેમને ઘણી મુદતરૂપી તકો આપી, કામ ઘણા સમય સુધી વિલંબીત કરવામાં આવેલ છે પરંતુ અરજદારપક્ષ તરફથી કોઈ હાજર થયેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી. અરજદારપક્ષે સને–૨૦૧૮ ના વર્ષમાં રેફરન્સ દાખલ કર્યા બાદ પોતાના કેસનુ કોઈ ઘ્યાન રાખેલ નથી, આમ, તેઓ પોતાના જ કેસ માટે જાગૃત ન હોય અને અરજી દાખલ કર્યા બાદ પોતે ગાઢ નિંદ્રામાં પોઢી ગયેલ હોય, ત્યારે તેવા સંજોગોમાં કાયદો સુતેલાને મદદ કરી શકે નહી. આશરે ૦૬ વર્ષ ઉપરાંતનો સમય વિતવા છતા અરજદારપક્ષે કોઈ હકારાત્મક કાર્યવાહી કરેલ ન હોય, જેથી હવે વધુ રાહ જોવી અને વધુ તક આપવી યોગ્ય જણાતુ નથી. આમ, પુરાવાના અભાવે અરજદારપક્ષની હકીકતો સાબીત થતી ન હોય, જેથી રેફરન્સ મંજુર થઈ શકે નહી, અરજદારપક્ષ કોઈ દાદ મેળવવા હકકદાર થતા નથી, અરજદાર મરણ ગયા હોવાથી પુન:સ્થાપિતનો હુકમ કરી શકાય નહી. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.ર તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારનો હાલનો રેફરન્સ કેસ ના–મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પદ્ધતિ અને કાર્યપદ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩ર ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

હુકમ આજ તા.૧૮/૦૪/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૮/૦૪/૨૦૨૫ (એન.આર.વઘવાણી)
અમદાવાદ. જજ કોડ જી.જે.૦૧૩૬૮
મજુર અદાલત, અમદાવાદ.